# સભ્યોને પ્રશ્નો સરકારને અનુકૂળ હોય તેવા જ પુછવા દબાણ કરાય છે : શંકરસિંહ

## મનીષા વકીલે અંગ્રેજીમાં વક્તવ્ય આપ્યુ તો ભૂપેન્દ્રસિંહ અને શક્તિસિંહે અંગ્રેજીમાં જ વાંધા મુદ્દા સાથે રજુઆતો કરી : નીતિન પટેલે ગુજરાતીમાં જ વાત કરવાનો આગ્રહ રાખ્યો

ગાંધીનગર, તા. ૨૨

આજે રાજ્ય વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ સરકારને અનુકૂળ હોય તેવા જ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી હોય છે અને મંત્રીઓને અનુકૂળ હોય તેવા પ્રશ્નો સત્તાધારી પક્ષના સભ્યો દ્વારા પુછાતા હોય અને તે માટે પોલીસ ખાતાનો દુરૂપયોગ કરવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ સરકાર સામે કરી એક વધુ વિવાદ છેડ્યો છે.

આ નિવેદનને લઈ આજે ગૃહની લોબીમાં ચર્ચાઓ છાને છપને થતી સાંભળવા મળી હતી.

ગૃહમાં આજે પ્રશ્નોત્તરીનો સમય ઉત્તેજીત હોય એ સ્વાભાવિક છે પણ આ પછી નશાબંધીના કાયદાને વધુ કડક બનાવતા વિધેયક પરની ચર્ચા પણ ભારે ઉત્તેજના સભર રહી હતી.

● **મહિલા સભ્યએ અંગ્રેજીમાં પ્રવચન કર્યું**

ભાજપના વડોદરામાંથી વિજેતા થયેલા મનીષા વકીલે આજે અંગ્રેજી ભાષામાં નશાબંધી વિધેયક પરની ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે આ પ્રવચનનો અંત ગુજરાતીમાં કવિતા રજુ કરીને કર્યો હતો. જો કે તેમનુ આજનુ પ્રવચન જુસ્સાભેર હતુ.

એક તબક્કે તેમના પ્રવચનમાં વાંધા મુદ્દો પણ શક્તિસિંહે અંગ્રેજીમાં ઉપસ્થિત કર્યો હતો. તો શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહે પણ અંગ્રેજીમાં જ તેમનો પ્રશ્ન રજુ કર્યો હતો એટલુ જ નહિ આ પળે વાતાવરણ જુની વિધાનસભાની બેઠકોનું સ્મરણ થઈ આવે તેવુ બન્યુ હતુ.



**વિધાનસભાના દ્વારેથી**
- પ્રકાશ જહા

દરમ્યાન નાણાંમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ પણ જણાવ્યુ હતુ કે તેઓ તો ગુજરાતીના જ આગ્રહી છે અને ગુજરાતીમાં જ વાત કરવા માંગે છે એમ કહી વાંધામુદ્દો રજુ કર્યો હતો.

અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યુ હતુ કે સભ્યશ્રી કઈ ભાષામાં બોલો છે તે અંગે કોઈને રોકી શકાય નહિ સામાન્યતઃ બધા સભ્યો માતૃભાષામાં જ વક્તવ્યો આપતા હોય છે.

● **અને છેલ્લે...**

રાજ્ય વિધાનસભાગૃહમાં ત્રિદિવસીય મીની વેકેશન શુક્રવારથી પડતુ હોવાથી ગૃહની બેઠક ગુરૂવારે સવારની રાખવામાં આવી છે.

# સ્માર્ટ સીટીની દરખાસ્ત તૈયાર કરવા તજજ્ઞ એજન્સીની મંજૂરી અપાઈ

## ૩૧મી માર્ચ સુધીમાં દરખાસ્ત તૈયાર કરી ભારત સરકારને મોકલાશે : જાહેર શૌચાલયોની મરામત, જાળવણી નિભાવણી માટે શુલભ શૌચાલયના સંચાલકોને વચગાળાની જવાબદારી સોંપાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી તબક્કા-૩માં સમાવેશ થાય તે માટેની દરખાસ્ત તૈયાર કરી રજુ કરવા માટે કન્સલટન્ટની નિમણુંક કરવાની દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ બહાલી આપી દીધી છે.

આજે મળેલ સ્થાયી સમિતિએ આપેલી આ બહાલી પછી હવે માર્ચના અંત સુધીમાં આ અંગેની દરખાસ્ત ભારત સરકારને મોકલવામાં આવશે. સ્માર્ટ સીટી અંગે હજુ સુધી ૧૪ હજાર જેટલા જ સૂચનો મળ્યા છે અને ૨૮મી સુધી આ અંગેના સૂચનો સ્વીકારવામાં આવનાર છે. આ પછી નિયુક્ત થયેલ કન્સલ્ટીંગ એજન્સી તેના પર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી સ્માર્ટ સીટી અંગેની દરખાસ્ત તૈયાર કરશે.

દરમ્યાન સ્થાયી સમિતિની બેઠકમાં આજે જાહેર શૌચાલયોની મરામત જાળવણી અને નિભાવણી માટે એજન્સીની કામગીરી નબળી જણાતાં તે રદ કરી અને રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત હાલ નવી એજન્સી નિયત ના થાય ત્યાં સુધી શુલભ શૌચાલયની એજન્સીને કામગીરી સંભાળવા માટે જણાવવાનું પણ નક્કી કરેલ છે.

મનપાની વિવિધ કચેરીઓમાં સિક્યોરીટી ગાર્ડસ મુકવાનું ટેન્ડર પણ હાલ પુરતુ રદ કરવામાં આવ્યુ છે. વાયબ્રન્ટ સમીટને લઈ આ ટેન્ડર જારી કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં રમતગમતની કીટ ખરીદવાનો નિર્ણય પણ પડતો મુકવામાં આવ્યો છે તેમજ આ અંગે પણ રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે એજન્સી દ્વારા ભાવ આપ્યા છે તે વધુ ઉંચા હોવાની લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી તેમજ સભ્યોની ગ્રાન્ટમાંથી એક કીટ માટે આટલી મોટી રકમ ફાળવવાની વાત પણ અયોગ્ય હોવાનું સભ્યોએ જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આજે મનપાની સ્થાયી સમિતિએ વાઈફાઈ પ્રોજેક્ટ અંગે કરવાની થતી નિમણુંકને બહાલી આપી હતી. સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત વાઈ-ફાઈ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો અમલી થઈ ગયો છે જો કે આમાં નેટવર્કની ફરિયાદો અંગે સભ્યોએ ઝડપી ઉકેલ આવે તેવી લાગણી પણ વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.



મોસમ વાર્ષિકોત્સવની - શાળા-કૉલેજોના વાર્ષિકોત્સવની મોસમ શહેરમાં પૂરબહાર ખીલી છે... સાંસ્કૃતિક પ્રવૃત્તિની અભિવ્યક્તિ દ્વારા રજૂ કરાતી વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની આંતરિક શક્તિ સાર્વત્રિક રીતે બિરદાવાઈ રહી છે... શહેરનો ટાઉનહોલ અને નાના-મોટા મંચો પર એક મહિના સુધી સાંસ્કૃતિક ધમધમાટ અનુભવાય છે...

# ગ્રીન સીટી સામે ખતરો

## જિલ્લામાં હાનિકારક રસાયણોનુ ઉત્પાદન કરતા ૨૪૦ એકમો

● **જિલ્લામાં બે વર્ષમાં વેટની આવક ૩૩૩૧૪.૫૩ કરોડ**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાથી સરકારને બે વર્ષમાં વેટની આવક કેટલી મળી ? અને વેટની ચોરી કરતા એકમો અંગે મળેલી ફરિયાદો સંદર્ભે શુ પગલા લેવાયા તે અંગેનો પ્રશ્ન પુછાયો હતો. જેના જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લાને છેલ્લા બે વર્ષમાં વેટ અન્વયે રૂ ૩૩૧૪.૫૩ કરોડની આવક થઈ છે. જયારે આ મામલે ૧૭ એકમો સામે ફરિયાદો મળી છે. આ એકમો સામે ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ ની જોગવાઈ મુજબ નિયમનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

● **કોલવડા મોટી આદરજ-જલુંદ માર્ગને પહોળો કરવા ૫૫૦ લાખના ખર્ચને મંજુરી**

કોલવડા મોટી આદરજ જલુંદ ધમાસણા માર્ગના વાઈડનીંગ અંગે



**વિધાનસભામાં ગાંધીનગર**
-

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ દ્વારા રજુ થયેલા પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાંવ્યુ હતુ કે આ માર્ગને પહોળો કરવા માટે રૂ ૫૫૦ લાખની કામગીરીને મંજુરી આપવામાં આવી છે. જયારે આ કાર્યયોજના હાલ નકશા અંદાજ તબક્કા સુધી પહોંચી છે.

● **અમદાવાદ -ગાંધીનગર મેટ્રો ટ્રેઇન માટે બે વર્ષમાં ૧૩૫૪ કરોડનો ખર્ચ**

અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેઈન પ્રોજેકટ પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો આ અંગે સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીએ જણાંવ્યુ હતુ કે મેટ્રો ટ્રેઈન પ્રોજેકટ પાછળ વર્ષ ૨૦૧૫ માં ૪૦૭.૧૮ કરોડનો અને વર્ષ ૨૦૧૬ માં રૂ ૯૪૬.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. બે વર્ષમાં કુલ ૧૩૫૪.૦૧ કરોડનો ખર્ચ કરાયો છે. જયારે મેટ્રો ટ્રેઈનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. અને બાંધકામની કામગીરી ચાલી રહી છે. મેટ્રો ટ્રેન તબક્કાવાર કાર્યાન્વિત કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કાના ભાગરૂપે ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીનો બાગ લગભગ ૬ કી મી નો રૂટ વર્ષ-૨૦૧૭ સુધીમાં કાર્યાન્વિત કરવાનુ આયોજન છે.

● **જિલ્લાના ૯ સામુહીક અને ૨૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી**

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો, અને પ્રાથમિક કેન્દ્રો અને સબસેન્ટરો કાર્યરત છે તેવો પ્રશ્ન દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પુછ્યો હતો જેના જવાબમાં આરોગ્ય મંત્રીએ

● અનુસંધાન પાન-૭ પર

# વાસંતી વાયરા વચ્ચે કલ્ચરલ ફોરમ વસંતોત્સવની ઉજવણી કરશે

ગાંધીનગર તા ૨૨

પાનખરની વિદાય વેળાએ નગરમાં હરિયાળી વચ્ચે નિખરતા ગરમાળાના પીળા પુષ્પોની સાથે વસંતના આગમનથી નયનરમ્ય નઝારો સર્જાયો છે. વસંતઋતુના ઓવારણા લેવા માટે કલ્ચરલ ફોરમ દ્વારા વસંતોત્સવની ઉજવણીનુ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. સંસ્થા દ્વારા આગામી તા ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર ખાતે સાંજે ૬:૩૦ કલાકે વસંતોત્સવ અન્વયે સુફી ગીત સંગીતની સાથે વાસંતી વાયરામાં હાસ્યરસ પણ પીરસવામાં આવશે. સુફિયાના અંદાજ સાથે સુફી ગીતો તેમજ હાસ્યોત્સવનો કાર્યક્રમ યોજાશે.

કલ્ચરલ ફોરમ દ્વારા વાસંતી વાયરા વચ્ચે વસંતોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સંસ્થા દ્વારા વસંતોત્સવની ઉજવણી અન્વયે બે દિવસીય વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.તપતા સુરજના અંતે ઢળતી સાંજને સુરીલી બનાવવા સુફી સોંગ્સ રજુ કરાશે. જેમાં પ્રથમ દિવસે સજદા કાર્યક્રમમાં સુફીયાના અંદાજ સાથે ગીત સંગીતનો અનોખો કાર્યક્રમ શ્રોતાઓને ડોલાવશે. જેમાં સંદીપ પંચવાટકર સહીતના કલાકારો અને સાંજીદાઓ સાથ આપશે. આ ઉપરાંત બીજા દિવસે અલબત્ત તા ૨૬ ફેબ્રુઆરીના રોજ હાસ્યોત્સવનો કાર્યક્રમ યોજાશે. હસીએ હસાવીએ અને હસી કાઢીએના અભિગમ સાથે શ્રોતાઓને જાણીતા કલાકાર ડો જગદીશ ત્રિવેદી ,સુખદેવ ધમાલીયા હાસ્ય રસ પીરસશે. હાસ્ય કલાકારની સાથે મિમિક્રી આર્ટીસ્ટ શ્યામ રંગીલા પણ શ્રોતાઓને મજા કરાવશે.

# કાયદો બનાવીને સંતોષ લેવાને બદલે કાયદાના અમલ માટે સજ્જ થઈએ

ગાંધીનગર, તા. ૨૨

આ દેશ કાયદો બનાવવામાં અગ્રેસર છે પણ તેના અમલીકરણમાં ઉદાસીન વલણ તંત્રના અધિકારીઓએ ત્યાગવુ પડશે તેમ ડૉ. ભાવેશ મોદીએ આજે ગાંધીનગર જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાનના એક દિવસીય વર્કશોપમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યું હતું કે કુટુંબ નિયોજન માટેનો કાયદો પહેલો બનાવ્યો હતો અને તમાકુ વિરોધી કાયદો પણ બનાવ્યો પરંતુ તે માટેનું જનજાગૃતિ અભિયાન અને અમલીકરણમાં આપણે પાછળ રહ્યા પરિસ્થિતિ એવી આવી છે કે આગામી વર્ષોમાં વસ્તીના આંકમાં આપણે ચીનને પણ પાછળ મુકી દેશુ

ડૉ. મોદીએ જણાવ્યુ હતુ કે તમાકુ વિરોધી કાયદાના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા પણ જવાબદાર છે. તેમણે અમદાવાદ શહેરના કરેલા અભ્યાસના તારણો પણ આ સેમિનારમાં રજુ કરી સૌને ચોંકાવ્યા હતા.

### ૨૮મીથી જિલ્લાની કચેરીઓમાં તમાકુ વિરોધી આકસ્મિક તપાસ હાથ ધરાશે : કલેક્ટર

તેમણે જણાવ્યુ હતુ કે જનજાગૃતિ અભિયાનની સાથે સાથે તંત્રને પણ અમલીકરણ માટે સંવેદનશીલ બનાવવુ જરૂરી છે.

આ વર્કશોપમાં બોલતાં જિલ્લા વિકાસ અધિકારીએ સૌને પહેલાં પોતાનાથી જ શરૂઆત કરી અને આ ઝુંબેશને લોક ઝુંબેશ બનાવવા સહયોગ મેળવીએ તેના પર ભાર મુક્યો હતો. તેમણે કચેરીઓમાં વ્યસનમુક્તિ ઝુંબેશને લઈ કાઉન્સીલીંગ સેન્ટરો બનાવવાની પણ હિમાયત કરી અને તે માટે સકારાત્મક રીતે વિચારણા કરવાનો સંકેત આપ્યો હતો.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ હતુ કે આ માટે ૨૦ જેટલા અધિકારીઓનો સ્કવોડ બનાવવામાં આવ્યો છે. ૨૮મી ફેબ્રુઆરીથી આ સ્કવૉડ દ્વારા જિલ્લાની કચેરીઓમાં આકસ્મિક રેડ શરૂ કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે તમાકુ વિરોધી અભિયાન એ લોક કલ્યાણનું મહત્વનું કદમ છે અને આપણે સૌ સંકલ્પબદ્ધ થઈ આ અભિયાનને લોક અભિયાન બનાવીએ.

જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના વરદ હસ્તે

● અનુસંધાન પાન-૭ પર

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર.

**રૂપે ડેબીટ કાર્ડ**

(૧) આ બેન્કના બચત ખાતા ધારકો તથા ચાલુ ખાતા ધારકો કે જેઓના કે.વાય.સી. દસ્તાવેજો સંપૂર્ણ પણે આપેલ હોય તેઓને જ માત્ર બેન્કના રૂપે ડેબીટ કાર્ડની સગવડ આપવાનું શરૂ કરવામાં આવેલ છે.
(૨) ઈચ્છુક ખાતેદારોએ બેન્દની નજીકની શાખામાંથી અરજીપત્રક મેળવીને સંપૂર્ણ વિગતો ભરીને જે તે શાખામાં આપવાનું રહેશે.
(૩) અરજી પત્રક મળ્યા બાદ તે અંગેની યોગ્ય કાર્યવાહી બેન્ક તરફથી પૂર્ણ કર્યા બાદ રૂપે ડેબીટ કાર્ડ રૂબરૂમાં મેળવી લેવા માટે જે તે શાખામાંથી ટપાલ અથવા ટેલીફોન અથવા જીસ્જી દ્વારા જાણ કરવામાં આવશે.
(૪) આ રૂપે ડેબીટ કાર્ડ HDFC બેંકના ATMના ટ્રાન્ઝેક્શન (ફાયનાન્સિયલ અને નોન ફાયનાન્સિયલ) વિના મૂલ્યે થઈ શકશે.
(૫) આ સિવાયના તમામ બેન્કોના ATM ઉપર પ્રથમ પાંચ ટ્રાન્ઝેક્શન (ફાયનાન્સિયલ અને નોન ફાયનાન્સિયલ) વિના મૂલ્યે થશે.
(૬) ઉપરોક્ત પાંચ ટ્રાન્ઝેક્શન પછી કોઈપણ ATM ઉપર ફાયનાન્સિયલ ટ્રાન્ઝેક્શન ઉપર રૂ. ૧૭ + પ્રવર્તમાન સર્વિસ ટેક્ષ (૧૫%) વસુલવામાં આવશે. તથા નોન ફાયનાન્સિયલ ટ્રાન્ઝેક્શન એટલે કે બેલેન્સ જોવું, તે ઉપરાંત અન્ય સેવાઓનો ઉપયોક કરવામાં આવશે તે ઉપર રૂ. ૯ + પ્રવર્તમાન સર્વિસ ટેક્ષ વસુલવામાં આવશે.
(૭) વહેલા તે પહેલાના ધોરણે તા. ૩૧/૩/૨૦૧૭ સુધીમાં અરજી કરનાર પ્રથમ ૧૦૦૦ ખાતેદારને વિનામૂલ્યે રૂપે ડેબીટકાર્ડ આપવામાં આવશે ત્યારબાદ નિયમાનુસાર દર વર્ષે વાર્ષિક ફી ભરપાઈ કરવાની રહેશે. વાર્ષિક ફી રૂ. ૧૨૦ + સર્વિસ ટેક્ષ, રૂપિયા ૧૮ મળીને રૂ. ૧૩૮ વસુલ કરીને ડેબીટ કાર્ડ આપવામાં આવશે.
(૮) ૧૦૦૦ અરજદાર પછીના ખાતેદારોને અથવા ૩૧/૩/૨૦૧૭ પછીના ખાતેદારોને નિયમાનુસારની વાર્ષિક ફી લઈને કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે.
(૯) ફીનું માળખું નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| **વાર્ષિક ફી -** | **રૂ. ૧૨૦ + સર્વિસ ટેક્ષ** |
| **વધારાનો કાર્ડ ફી -** | **રૂ. ૧૦૦ + સર્વિસ ટેક્ષ** |
| **પીન રીપ્લેસમેન્ટ ફી -** | **રૂ. ૩૦ + સર્વિસ ટેક્ષ** |
| **કાર્ડ રીપ્લેસમેન્ટ ફી -** | **રૂ. ૨૦૦ + સર્વિસ ટેક્ષ** |

(૧૦) આ બેન્કના રૂપે ડેબીટ કાર્ડ તમામ સ્ટોર્સ, શોપીંગ મોલ કે જ્યાં ક્રેડીટ - ડેબીટ કાર્ડની સગવડ આપવામાં આવતી હોય ત્યાં તથા ઓનલાઈન પેમેન્ટ માટે માન્ય છે.

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KISAN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com